# વડોદરામાં જળપ્રલય : તંત્ર ખડેપગે

## બેટગ્રસ્ત વડોદરામાં બચાવ-રાહત કામગીરી જારી : બે મૃતદેહ મળ્યા : એનડીઆરએફની વધુ પાંચ ટીમો પુણેથી બોલાવાઈ : સાવચેતીના પગલારુપે ૩૦૪ પૈકી ૪૭ વિજ ફીડરો બંધ : પાણી ઉતરતા હજુય સમય લાગી શકે છે

ગાંધીનગર, તા.૩૧

મધ્ય ગુજરાતના વડોદરામાં બુધવારના દિવસે ૨૧ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયા બાદ આજે પણ વડોદરામાં ચારેબાજુ પાણી પાણીની સ્થિતિ રહી હતી. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી રહી હતી. બચાવ અને રાહત કામગીરીમાં જુદી જુદી બચાવ ટુકડીઓ સતત લાગેલી રહી હતી. સ્થિતિને હળવી કરવાના પ્રયાસો કરાયા હોવા છતાં આજે પણ વિકટ સ્થિતિ રહી હતી.

એનડીઆરએફના ૩૦૦થી પણ વધુ જવાનો જુદા જુદા વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા રહ્યા હતા. હજારો લોકોને બચાવી લેવાયા હતા જ્યારે સેંકડો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. બચાવ અને રાહત કામગીરીમાં ૧૭થી વધુ બોટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વડોદરામાં અભૂતપૂર્વ વરસાદના પરિણામ સ્વરુપે આજે પણ સ્થિતિ હળવી બની ન હતી. સ્થિતિને હળવી બનવામાં હજુ સમય લાગે તેવી શક્યતા છે. જો કે, તંત્રની જોરદાર કામગીરીને કારણે રેલવે સ્ટેશનને ફરી સક્રિય કરી દેવાયું છે. જુદી જુદી સોસાયટીમાં અટવાયેલા લોકોને પણ સહાયતા પહોંચાડવાના તમામ પ્રાયસો કરવામાં આવ્યા હતા. વડોદરામાં જોરદાર વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. વડોદરાના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો. જો કે, બચાવ અને રાહત કામગીરી યથાવતરીતે જારી રહી હતી. વડોદરામાં ૩૦૪ વિજ ફીડરોમાંથી



૪૭ વિજ ફીડરોમાં વરસાદી પાણી ભરાવવાના કારણે સાવચેતીના પગલારુપે બંધ કરાયા છે. વડોદરાના નિચાણવાળા વિસ્તારમાંથી ૫૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ૭૫૦૦૦થી વધુ ફુડ પેકેટો પણ તૈયાર કરવામાં આવ્યા છે. વડોદરામાં એનડીઆરએફની વધુ પાંચ ટીમો એરલિફ્ટ કરવામાં આવી છે. અભૂતપૂર્વ બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. વડોદરા શહેર અને જિલ્લાના આજવા ડેમમાં ઉપરવાસ હાલોલ, કાલોલ અને પાવાગઢમાં પાંચ ઈંચથી વધુ વરસાદ એક સાથે થવાથી ડેમ ઓવરફ્લો થતાં સ્થિતિ જટિલ બની છે. વડોદરામાં આજે બચાવ કામગીરી દરમિયાન પાણીના પ્રવાહમાંથી બેના મૃતદેહ મળી આવ્યા હતા. વડોદરામાં ભારે વરસાદ બાદ વરસાદ સંબંધિત બનાવોમાં ગઈકાલ સુધીમાં કુલ છ લોકોના મોત થઈ ગયા હતા. બાજવામાં દિવાલ પડતા ચાર લોકોના મોત થયા હતા અને અન્ય એક બનાવમાં બે લોકોના મોત થયા હતા.

## વડોદરામાં દૂધ વિતરણ વ્યવસ્થા ઠપ થતાં ભાવ આસમાને રહ્યા

વડોદરામાં ગઈકાલે ખાબકેલા ૨૧ ઈંચ વરસાદ બાદ બરોડા ડેરીની દૂધ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી. જેને પગલે શહેરમાં દૂધ પ્રતિ લિટર ૧૦૦ના ભાવે વેચાતુ જોવા મળ્યું હતું. પૂરના પાણી અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે લોકો દૂધ, પીવાના પાણી, શાકભાજી અને જીવનજરૂરી ચીજવસ્તુઓ તેમ જ ખાવા-પીવા માટે વલખાં મારતા નજરે પડતા હતા. બરોડા ડેરીના વાહનો ગુરુવારે સવારે ૪.૬૦ લાખ લિટર દૂધનું વિતરણ કરવા વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં નીકળ્યા હતા. પરંતુ શહેરના વિવિધ વિસ્તારો પાણીમાં ગરક હોવાથી વાહનો જઈ શક્યા નહોતા. જેના કારણે ૭૦,૦૦૦ લિટર દૂધ ડેરીમાં પાછું આવ્યું હતું. જ્યારે કેટલાક વિસ્તારોમાં ટ્રેક્ટરો મારફતે દૂધ પહોંચાડ્યું હતું. વડોદરા શહેર-જિલ્લામાં ભારે વરસાદને પગલે જિલ્લા આરોગ્ય તંત્ર પણ સક્રિય બન્યું છે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ટીલાવતે જણાવ્યું કે, હાલની પરિસ્થિતિમાં તમામ પંચાયતો દ્વારા પૂરતું ક્લોરિનેશન કરીને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે એની તકેદારી લેવામાં આવી રહી છે. જિલ્લા આરોગ્ય તંત્રએ ચોમાસાની શરૂઆતમાં જ પંચાયતોને વરસાદની મોસમમાં ક્લોરિનેશન કરીને જ પાણી પૂરું પાડવા તાકીદ કરી હતી. આરોગ્ય કર્મચારીઓ દ્વારા જરૂર જણાય ત્યાં ક્લોરિન ટિકડીઓ પણ લોકોને આપવામાં આવે છે. જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો ખુલ્લા રાખવા સંબંધિતોને સૂચના આપવામાં આવી છે. જરૂરી દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. વડોદરા શહેરના કુલ ૨૯૨ વીજ ફિડર પૈકી ૪૮ ફિડર વરસાદી પાણી ભરાવાને કારણે વીજ કરન્ટથી કે અન્ય કોઈ રીતે નાગરિકો ના જાનમાલને નુકસાન ન થાય તે માટે સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યા છે. જેના પરિણામે વીજ પુરવઠાને અસર પહોંચી છે. વરસાદી પાણી ઓસરતા જ આ વીજ ફિડરો પૂર્વવત કરી દેવાશે. જેથી વીજ પુરવઠો પણ પૂર્વવત થઈ જશે.આ ફિડરો બંધ કરવાને કારણે વડોદરાના ઈન્દ્રપુરી, સરદાર એસ્ટેટ, કારેલી બાગ, માંડવી, પાણીગેટ, દાંડિયા બજાર, રાવપુરા ટાવર, હરિનગર, ગોત્રી અને સમા વિસ્તારને અસર પહોંચી છે.

## પૂરના પાણી વચ્ચે મગરો ઘૂસ્યા

વડોદરામાં માત્ર ૧૪ કલાકમાં જ ૨૧ ઈંચ વરસાદ ખાબકતા વડોદરા શહેર આખુ જાણે જળમગ્ન બન્યું છે ત્યારે હવે મેઘતાંડવ અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે વડોદરાવાસીઓ વધુ એક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ૨૧ ઈંચ જેટલા અતિ ભારે વરસાદ અને પૂરના પાણીમાં હવે વિશ્વામિત્રી નદીના મગરો પણ વડોદરામાં લોકોના ઘરો, મકાનો અને સોસાયટીઓ, દુકાનો-બજારો સુધી તરત આવી ગયા છે. રહેણાંક વિસ્તારોમાં મગરો અને તેના બચ્ચાંઓને જોઈને વડોદરાવાસીઓ સહિત રાજયના અન્ય પ્રજાજનોમાં પણ ભારે આશ્ચર્યની લાગણી ફેલાઈ ગઈ છે. ખાસ કરીને આટલી મોટી સંખ્યામાં આવી ચઢેલા મગરો અને તેના બચ્ચાઓને લઈ વડોદરાવાસીઓમાં ખાસ કરીને મહિલા અને બાળકોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. મગરો પૂરના પાણીમાં રહેણાંક વિસ્તારો અને સોસાયટીઓ અને મકાનો સુધી ઘૂસી આવ્યો હોવાની મળેલી વ્યાપક ફરિયાદો બાદ તંત્ર અને વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમના જવાનોએ મગરોને પકડી પકડીને તેને પાછા વિશ્વામિત્રી નદીના પાણીમાં છોડવાની કામગીરી હાથ ધરી હતી. જેના કારણે વિશ્વામિત્રી નદીમાં રહેતા ૩૦૦ મગર હવે ઘર અને બજારોમાં ઘુસે એવી શક્યતાઓ છે. આ અગાઉ વર્ષો પહેલાં જયારે વડોદરામાં પૂર આવ્યું ત્યારે શહેરની વિવિધ સોસાયટી, બજારો અને ઘરમાં મગરો ઘુસી ગયા હતા અને લોકો પર હુમલા કર્યાના બનાવો બન્યા હતા.

## વિશ્વામિત્રી નદી પણ હવે ભયજનક સપાટી પર

વડોદરામાં ભારે વરસાદ થયા બાદ જનજીવન હજુ સંપૂર્ણપણે ખોરવાયેલુ છે. બીજી બાજુ ભારે વરસાદ વચ્ચે આજવા જળાશયની સપાટી મોડી રાત્રે ૨૧૧.૨૦ ફુટની ઉંચી સપાટી પર પહોંચી જતા લોકોના જીવ ઉંચા થઈ ગયા છે. આજવા ડેમના ઉપરવાસ હાલોલ, કાલોલ અને પાવાગઢમાં પાંચ ઈંચથી વધુ વરસાદ એક સાથે થતાં હાલત કફોડી બની છે. ડેમ ઓવરફ્લો થતાં પાણી વિશ્વામિત્રી નદીમાં જાય છે. વિશ્વામિત્રીની જળ સપાટી ૩૪.૫ ફૂટ છે. આજવાનું ઓવરફ્લો પાણી, વિશ્વામિત્રીનું પાણી શહેરમાં ભરાવવાથી આ પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. હવે આ સપાટી ભયજનક સ્તરથી ઉપર છે.

## જન્મદિને વધામણી



શર્મિષ્ઠાબેન પ્રવીણકુમાર ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



દિનેશ જી પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



અર્ણવ શૈલેષ ત્રિવેદી
મો. ૮૭૫૮૪ ૨૨૦૬૦



હિતાશીબા ઝાલા

## વડગામ પંથકમાં ૧૨ કલાકમાં ૧ ઈંચ વરસાદ

વડગામ,

વડગામ તાલુકામાં વાયુ વાવાઝોડા વખતે પડેલા વરસાદ બાદ એક માસથી ઉપરનો સમયથી વિતવા છતાં વરસાદ હાથતાળી આપી રહ્યો હતો અને વડગામ પંથકમાં ભારે ગરમી અને બફારાથી લોકો પણ ત્રાહીમામ પોકારી ઊઠયા હતા ખેડૂતો દ્વારા ચોમાસાનું વાવેતર પણ કરી દેવાયુ હતું પણ વરસાદ ન થતાં ખેડૂતોમાં પણ ચિન્તાઓ વધી રહી હતી ત્યારે મોડે મોડે પણ મેઘરાજા મહેરબાન થતાં લોકોમાં આનંદ છવાયો હતો બુધવારની રાત્રીથી ઝરમર ઝરમર શરૂ થયેલો વરસાદ ગુરુવારના બપોર સુધી ૨૫ મીમી જેટલો વરસવા પામ્યો છે દિવસ દરમિયાન પણ ઝરમર ઝરમર વરસાદ ચાલુ રહેતા ઘણા સમયથી ગરમી તોબા પોકારી ઉઠેલા લોકોમાં પણ ઢાઢક પ્રસરી છે.

# ખેડબ્રહ્મામાં એક રાતમાં ૬ ઈંચ વરસાદ





## ખેડબ્રહ્મા નગરપાલિકાના આયોજન ના પગલે અંબાજી હાઈવે બંધ કરવો પડ્યો : વાસણા રોડ વોર્ડ નં.૩ સોસાયટીઓમાં પાણી ફરી વળતા નગરપાલિકાની પોલ ખુલી

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મામાં બુધવાર રાત્રીના વરસાદે માજા મૂકી હતી જેને લેઈ ખેતીમાં ફાયદો થવા સાથે લોકો મહદઅંશે રાહત અનુભવી હતી. જ્યારે શહેરમાં વાસણા રોડની સોસાયટીમા પાણી ભરતા લોકોમાં રોષ ફેલાયો હતો.

સમગ્ર ગુજરાતમાં ચોમાસાની જમાવટ બાદ છેલ્લે બુધવાર સાંજના સમયે એક ઈંચ જેટલો વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. અને મોડી શરૂ થયેલ વરસાદ એક સાથે ૭.૫૦ ઈંચ વરસી પડતા શહેરમાં ઠેરઠેર પાણી ભરાયા હતા.

ખેડબ્રહ્મા માતાજી કંપા પાસે આવેલ તળાવમાં પાણી આવક થતા પાળ ઉપર વસવાટ કરતા લોકોના ઝૂંપડામાં પાણી ફરી વળ્યાં હતા. હરણાવ નદીના ઉપર વાસમાં પણ સારો વરસાદ વરસતા નદીમાં સિઝનનું પહેલી વાર પાણી આવતા લોકો નદી જોવા ઉમટી પડયા હતા.

બુધવાર રાત્રીના ૭.૫૦ ઈંચ વરસાદ સાથે ઉપરવાસમાં વરસેલા વરસાદના કારણે બસસ્ટેન્ડ પાસેનું નાળુ ઓવરફ્લો થયું હતું. જ્યારે ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સ આગલનો અંબાજી હાઈવે ૨૦૦ થી ૪૦૦ મીટર સુધી પાણી ભરાઈ ગયા હતા. જેને લઈ વહેલી સવારે ૪ થી ૮ વાગ્યા સુધી રસ્તો બંધ કરાતા બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી હતી. ખેડબ્રહ્મા મામલતદાર જી.ડી. ગમાર સ્થળે પહોંચી ડિવાઈડર તોડાવતા પાણીનો નિકાલ



કરી વાહન બયહવાર ચાલુ કરાવ્યો હતો. પાણી ભરવાના કારણે ગ્રેવીટી સ્કૂલનો કોટ પણ ધરાશાયી થઈ ગયો હતો અને સ્કૂલ કમ્પાઉન્ડમાં પાણી ભરાઈ ગયા હતા. રોડની બને બાજુમાં ખેતર જાને તળાવમાં પરિવર્તીત થઈ ગયા હતા આ સમયે એક ઈકો કાર ચાલક સાહસ કરતા વચ્ચે જઈ ગાડી બંધ થઈ જતા ફસાઈ ગયો હતો.

વરસાદનો સૌથી વધુ અસર વસાણા રોડની સોસાયટીઓમાં જોવા મળી હતી. ત્યાંની મોટાભાગની સોસાયટીઓમાં પાણી ફરી વળ્યાં હતા. રાત્રે પાણી વધતા નગરપાલિકાને જાણ કરવમાં આવી હતી પરંતુ નગરપાલિકા પાસે જે.સી.બી. ડાઈવર ન હોઈ ના છૂટકે ભાડેથી જેસીબી મંગાવી પાણીનો નિકાલ કરવાની ફરજ પડી હતી. વાસણા રોડની સોસાયટીઓમાં દર વર્ષે પાણી ભરતા હોવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ પ્રીમોન્સૂન પ્લાન ન બનાવવામાં આવતા લોકોમાં રોષ ફેલાયો હતો. ઉપર વાસમાં વરસાદ વરસતા ખેડવા ડેમની સપાટીમ વધારો નોંધાયો હતો. પહેલા સપાટી ૨૪૯.૭૦ હતી અને રાત્રે ૧.૫૦ મીટર જેટલી આવક થતા ૨૫૧.૨૦ ની સપાટી નોંધાયી હતી જેને લઈ ખેડૂતોમાં આનંદ વ્યાપી ગયો હતો.

## ગ્રીન હતી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલ વિશે રસપ્રદ વિગતો આપતા વધુમાં જણાંવ્યુ હતુ કે શહેરમાં ૧૯૭૩ ના વર્ષમાં રેલવે સ્ટેશન બન્યુ ત્યારે સ્ટેશન પર એક ટ્રેઈન આવતી હતી જયારે એ વખતે એવી ટીખ્ખળ પણ થતી એક ટ્રેઈન આવે છે એટલે જાય છે. ૧૯૭૦ માં જીવરાજ મહેતા ભવન સચિવાલય કાર્યરત થયુ ત્યારબાદ ધીમે ધીમે આ ટ્રેઈનમાં કર્મચારીઓ અમદાવાદ ગાંધીનગર અપડાઉન કરતા થયા હતા. જયારે તે વેળાએ રેલવે સ્ટેશન રોજ ત્રણ એસ ટી બસ મુકવામાં આવતી હતી. જેથી કર્મચારીઓ સ્ટેશનથી સચિવાલય જઈ શકે. જયારે બસ સ્ટેન્ડ સે-૨૮ માં હતુ. શહેરમાં ઝુંપડા કે દબાણ ન હતા. સરકારી વસાહતમાં ચોકઠા કલ્ચર વચ્ચે કર્મચારીઓ પારિવારિક માહોલમાં રહેતા હતા. સો ટકા શિક્ષિત દર ધરાવતા શહેરમાં ગાંધીનગરનો સમાવેશ થતો હતો. ગ્રીન સીટી તરીકે આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં ૪ કરોડથી વધુ વૃક્ષો હતા. હાઈફાઈ સુવિધા નહીં છતા હરિયાળુ અને રળિયામણાં ગાંધીનગરની ગઈકાલનો નઝારો નયનરમ્ય અને ભવ્ય હતો.

## સ્માર્ટ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં પથરાયેલા શહેરે આજે ચારેદીશામાં પ્રગતિ કરી છે. હવે માત્ર હરિયાળી જ નહીં પરંતુ આલીશાન બિલ્ડીંગો , શૈક્ષણિક સંકુલો, સ્વર્ણિમ પાર્ક, મહાત્મા મંદિર, કોર્પોરેટ લુક ધરાવતી સરકારી કચેરીઓ, વિશાળ રોડ નેટવર્ક, ઉદ્યાનો સહીતના અનેક આકર્ષણો ધરાવે છે. જો કે આ વિકાસની હરણફાળ વચ્ચે નગર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ રહ્યુ હોવાનો આક્રોશ પણ ચિંતાનો વિષય બન્યો છે. સેકટરો ઉપરાંત ન્યુ ગાંધીનગરનો વિસ્તાર પણ વિકસિત થતા શહેરના સિમાડાઓ પણ વિકસ્યા છે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા સાડા પાંચ દાયકાના અંતે નગર હવે સ્માર્ટ સીટી બનવા તરફ આગેકુચ કરી રહ્યુ છે. ત્યારે ગાંધીનગરની ગઈકાલની સાપેક્ષમાં આજ કાંઈક અલગ જ છે. ગાંધીનગરની સ્માર્ટ આવતીકાલ માટે મહાનગરપાલિકા અને વહીવટીતંત્ર પણ નગરજનોના અનેક શમણાંઓ સાકાર કરવા પ્રયત્નશીલ છે. જેના અંતે આવતીકાલનુ ગાંધીનગર સાચા અર્થમાં સ્માર્ટ સીટી તરીકે ઉભરશે. ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે પાંચ વર્ષમાં ૧ હજાર કરોડનો ખર્ચ કરાશે. પ્રતિવર્ષ રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરવા માટે નવતર પ્રોજેકટ તૈયાર કરી દેવાયા છે. આ અંગે ગાંધીનગર મહાનગરપાલિકાના સીટી એન્જિનિયર ભરત પંડયા તેમજ સ્માર્ટ સીટીના નાયબ કાર્યપાલક ઈજનેર એ એ રતાણીએ વિસ્તૃત વિગતો આપતા જણાંવ્યુ હતુ કે આવતીકાલના સ્માર્ટ ગાંધીનગરની સિકલ બદલાઈ જશે. શહેરમાં હાલ મુખ્ય ઘ અને ચ અને ખ માર્ગ સિક્સલેન છે હવે નગરના ગ માર્ગ તેમજ રોડ નં -૬ અને ૭ પણ સિક્સલેન બનાવવામાં આવશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે સ્વર્ણિમ પાર્કની વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીનુ સળંગ જોડાણ આપવા માટે ઘ-૪ અને ગ-૪ પાસે અન્ડર પાસ બનાવવામાં આવશે.જયારે અન્ડરપાસની ઉપરના ભાગે પણ પાર્કની હરિયાળી નિખરશે. આ ઉપરાંત દરેક સેકટરોના એપ્રોચ માર્ગને ફોર ટ્રેક કરી બનાવાશે. જેથી સેકટરોના પ્રવેશદ્વાર પાસે વધતા ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બનશે. સેકટરોના રીંગ રોડ પર વધતી વાહનોની અવરજવર તેમજ વસતીને ધ્યાને લઈ સે -૨૧,૨૨,૧૭,૧૧ અને સે-૭ માં રીંગ રોડને પણ સ્થિતિને અનુરૂપ ચાર માર્ગીય અથવા ૧૦ મીટર સુધી પહોળા કરાશે. સમગ્ર શહેરમાં ગટર વ્યવસ્થાને અપગ્રેડ કરાશે. સેકટરોમાં ઉભરાતી ગટરોની સમસ્યાને નિવારવા તેમજ વસતી મુજબ ગટર સેવા પુરી પાડવા માટે તમામ સેકટરોની મુખ્ય ગટર લાઈન બદલી નાંખવામાં આવશે. હાલ ૧૫૦ ડાયામીટરની લાઈન છે તેના બદલે ૨૫૦થી ૬૦૦ સુધીની ક્ષમતા ધરાવતી નવી લાઈન નાંખવામાં આવશે. આ પ્રોજેકટ પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત હાલ ગાંધીનગરમાં માથાદીઠ ૨૪૦ લીટર પાણીનો વપરાશ છે. જયારે શહેરમાં ૨૪ :૭ પાણી પુરવઠો સપ્લાય કરવા માટે ડી પી આર તૈયાર કરી દેવાયો છે. જયારે ટુંકમાં મુખ્યમંત્રી સમક્ષ પ્રોજેકટનુ પ્રેઝન્ટેશન પણ કરાશે. મીટર પધ્ધતિ મુજબ પાણી આપવામાં આવશે. આ પ્રોજેકટ અંતર્ગત રૂ ૨૦૪ કરોડનો ખર્ચ કરાશે. જેના લીધે સ્માર્ટ ગાંધીનગરમાં પાણીનો બગાડ થતો અટકશે અને વપરાશ માટે નગરજનોએ પૈસા ખર્ચવા પડશે પાણીના આ પ્રોજેકટ માટે આગામી દિવસોમાં માર્ગ મકાન વિભાગ કામગીરી હાથ ધરશે. જયારે હાલ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને ગુજરાત વોટર બોર્ડ દ્વારા રોજ નર્મદાનુ ૪૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ નજીકના ભવિષ્યમાં જ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે રૂ ૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી હોવાથી સરગાસણ ખાતે ૫૦ એમ એલ ડી નો નવો પાણી શુધ્ધિકરણનો પ્લાન્ટ તૈયાર થશે. જયારે આ સપ્લાય શરૂ થતા નર્મદાના ચોખ્ખા પાણીની પણ બચત થશે. શહેરના સેકટરોમાં સ્થિત ૨૨ બગીચાઓમાં ગ્રીન સ્પેસ વધારવા ઉપરાંત અધ્યતન અને સુવિધાસભર બનાવવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરાશે.હાલ શહેરમાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર કાર્યરત છે. જયારે આગામી દિવસોમાં આ સેન્ટર ફાયર સ્ટેશનના નવા બિલ્ડીંગમાં અલાયદી રીતે કાર્યરત થશે. જેમાં નગરના ટ્રાફિક સિગ્નલને લગતી સઘળી કામગીરીનુ મોનિટરીંગ કરાશે. જેના આધારે આગામી દિવસોમાં ગતિનિયંત્રણના ભંગ સહીતના મામલે પણ વાહન ચાલકો પર ચાંપતી નજર રહેશે. શહેરમાં હાલ ૩૨ જગ્યાએ સ્માર્ટ પોલ લગાવાયા છે. જેના સી સી ટી વી કેમેરા ૩૬૦ ડીગ્રી એ મુવ થઈ શકે તેવી ગોઠવણ કરવામાં આવી છે. હજુ અન્ય ૮ સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ પોલ પણ લગાવાશે. આ સ્માર્ટ પોલના આધારે ફ્રી વાઈફાઈ

વાઈફાઈ, એન્વાયરમેન્ટ સેન્સર, ડસ્ટ પાર્ટીકલ, કાર્બન તેમજ વાતાવરણમાં પ્રદુષણના પ્રમાણનો પણ તાગ મેળવવામાં આવી રહ્યો છે. સ્માર્ટ પોલની મદદથી ભવિષ્યમાં જાહેરાત કે જરૂરી નાગરિક ઉપયોગી સુચના પણ આપી શકાશે. આ ઉપરાંત અકસ્માત કે ઈમરજન્સીમાં મદદ મેળવવા માટે પણ બટન દબાવવાથી મદદ મળી રહેશે આ ડેટા સેન્ટરની મદદથી ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની કામગીરીનુ પણ નિરિક્ષણ કરવામાં આવે છે. જેના લીધે સો ટકા કચરો એકત્રિત થાય છે. શહેરના બગીચા રંગમંચમાં પણ સી સી કેમેરા લગાવી આ કામગીરી યોગ્ય થાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે. આ માટે ૬૮ કેમેરા લગાવાયા છે. જયારે આગામી દિવસોમાં નવા ૧૯ કેમેરા લગાવાશે. આવનારા દિવસોમાં નાગરિકો કોર્પોરેશનનો વેરો પણ ઓનલાઈન ભરી શકશે. જયારે જી આઈ એસ સિસ્ટમના લીધે નગરના જરૂરી સ્થળો, પાણી ગટર સહીતની યુટીલીટીઝ લાઈન સહીતની સ્થિતિ પોતાના મોબાઈલમાં જોઈ શકશે. ગાંધીનગર મહાનગરપાલિકાની સઘળી સુવિધાઓ ,આંતર વહીવટી પ્રક્રીયા પણ પેપરલેસ કરવા કામ હાથ ધરાશે. આમ આવતીકાલનુ ગાંધીનગર વધુ સ્માર્ટ બને તે દિશામાં અત્યારથી જ આગે કદમ કરવાનુ શરૂ કરી દેવાયુ છે.

હમારા લક્ષ્ય TV
विश्व का कल्याण हो... LIVE
પવિત્ર શ્રાવણ માસમાં લક્ષ્ય ચેનલમાં લાઈવ....
ગાંધીનગર - પાટનગરના આંગણે
શિવકથા



કથા પ્રારંભ
૦૨/૦૮/૨૦૧૯, શુક્રવાર
કથા વિરામ
૦૮/૦૮/૨૦૧૯, ગુરૂવાર
કથા સમય : બપોરે ૩-૦૦ થી ૬-૩૦ કલાક સુધી
કથા વક્તા
શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ (ગાંધીનગર)



શ્રી ભારતીબાપુ
કથા સ્થળ : શ્રી સોમનાથ મહાદેવ મંદિર, બ્રહ્મભવન,સેક્ટર-૧૬, ગાંધીનગર.
તમામ શિવ-ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરેલ છે.(પાસ માટે સમય : ૨.૩૦ થી ૩.૦૦)
સૌજન્ય : શ્રીમતિ શાન્તાબેન રમેશભાઈ પટેલ પરિવાર - કેપીટલ ઓફસેટ, ગાંધીનગર.
સંપર્ક : કિરણ એસ. ગોસ્વામી
સુંદર ધામ
Mo. 8141217050, 9428595741
Mo 9374177184, 9327003940